# 16th India-Singapore Foreign Office Consultations

# 16માં ભારત-સિંગાપોર વિદેશ કચેરીનાં પરામર્શો

20 ઓગસ્ટ, 2022

ભારત અને સિંગાપોર વચ્ચે 19 ઓગસ્ટ 2022 નાં રોજ 16માં વિદેશ કચેરીનાં પરામર્શો યોજવામાં આવ્યા હતા અને તેની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રાલયનાં સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમાર અને સિંગાપોરનાં વિદેશ મંત્રાલયનાં કાયમી સચિવ શ્રીમાન આલ્બર્ટ ચુઆ દ્વારા કરવામાં આવી હતી.

2. વિદેશ કચેરીનાં પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોનાં તમામ પાસાઓની સમીક્ષા કરી હતી અને જોડાણોનાં વર્તમાન સ્તર પર સંતોષ વ્યક્ત કર્યો હતો. બન્ને પક્ષોએ ભાગીદારીની સંપૂર્ણ સંભાવના સાકાર કરવા માટે દ્વિપક્ષીય રાજકીય આદાનપ્રદાનોની અગત્યતા પર ભાર મૂક્યો હતો. પ્રતિનિધિ મંડળો દ્વારા વ્યાપાર અને રોકાણ, સ્ટાર્ટ-અપ્સ અને નવીનીકરણ, ફિનટેક, સ્માર્ટ સિટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કૌશલ્ય વિકાસ અને કનેક્ટિવિટી સહિતનાં અસંખ્ય ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ચર્ચા કરી હતી. બન્ને દેશો વચ્ચેનાં સંરક્ષણ સહકારની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ તાજેતરનાં મહિનાઓમાં ભારતથી આગમન પામતા પ્રવાસીઓનાં વધારાની અને પ્રવાસમાં વધારે સુવિધા આપવાની નોંધ લીધી હતી. સિંગાપોર ASEAN માં ભારત માટે વર્તમાન દેશ સંયોજક હોવાની વાતને ધ્યાનમાં રાખતા, બન્ને પક્ષોએ ભારત-સિંગાપોર સામેલગીરીઓ પર અને ઉચ્ચ સ્તર પર સંબંધ લઇ જવા પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોની આપ-લે કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ ભારત-સિંગાપોર બહુ-આયામી સંબંધો વધારે મજબૂત કરવા તરફ અને વ્યૂહાત્મક ભાગીદારી વધારે ગહન કરવા તરફ કાર્ય કરવાની તેઓની નક્કર પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

3. પરસ્પર સાનુકૂળ તારીખો પર નવી દિલ્હીમાં વિદેશ કચેરીનાં પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવામાં આવશે.

**નવી દિલ્હી**

**19 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.